Extra No. 122

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક. જીયુ/૨૦૨૬/૦૨/આઇએમડી/સીઓજી/ઈ-ફાઇલ/૯/૨૦૨૪/૧૦૩૯/ડીઉ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Surveyor, Class III (Pre-service training and passing of Post-training Examination) Rules, 2026

સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૬ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીયુ/૨૦૨૬/૦૨/આઈએમડી/સીઓજી/ઈ-ફાઈલ/૯/૨૦૨૪/૧૦૩૯/ડીઉ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરીમાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જયાં સુધી પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.

(૧) આ નિયમો સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરીમાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા પર સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) “પરિશિષ્ટ” એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "કરાર આધારિત જગા" એટલે, જે જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલી હોય તેવી ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરીમાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા;

(ગ) “મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)” એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA)-ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ);

(ઘ) “સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિ” એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB)ની ભલામણના આધારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરીમાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા પર કરાર આધારિત ધોરણે નિમાયેલી વ્યક્તિ;

(ચ) “પરીક્ષા” એટલે સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓને પૂર્વ-સેવા તાલીમ આપી હોય તેવી સંસ્થાએ યોજેલી તાલીમાંત પરીક્ષા;

(છ) “સરકાર” એટલે ગુજરાત સરકાર;

(જ) “સંસ્થા” એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA);

(ઝ) “નિર્દિષ્ટ તકો” એટલે વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ટ) “નિર્દિષ્ટ મુદત” એટલે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા.-

સીધી ભરતીથી નીમાયેલી દરેક વ્યક્તિએ, નીચેની જોગવાઈઓ અનુસાર, સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે અને સંસ્થાએ યોજેલી પરીક્ષા પાસ કરવાની રહેશે:-

(૧) સંસ્થાકીય તાલીમ, આઠ અઠવાડિયાની મુદત સુધીની રહેશે. આ તાલીમ સંસ્થા આપશે.

(૨) સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિ, તેની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન મહાનિયામકના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થા પરીક્ષા યોજશે. જેણે સંસ્થાકીય તાલીમ પૂરી કરી હોય તેવી સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ, તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ, તેમની પરીક્ષા યોજાય ત્યાં સુધી, તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા (બેસવા) માટેની પાત્રતા.-

પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિએ, સંસ્થાગત તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તેઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેની કરાર આધારિત નિમણૂક સમાપ્ત થવાને પાત્ર થશે.

૫. રજાનો અધિકાર ન હોવા બાબત.-

સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિને, સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, ત્રણ કરતાં વધુ દિવસની કોઈ પ્રકારની રજાની અથવા ગેરહાજરીની પરવાનગી આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નીમાયેલ વ્યક્તિ, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને મહાનિયામકને એવી ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોને કારણે નથી, તો તેઓ, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિને, તેની ગેરહાજરીના દિવસોનો પગાર કપાત કરવાને અધીન રહીને, પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે મંજૂરી આપી શકશે.

૬. પરીક્ષા પાસ કરવા માટેની તકો.-

(૧) સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ, નિર્દિષ્ટ મુદત દરમિયાન ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવા નિષ્ફળ રહે તેવી અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિને એક વધારાની તક આપવામાં આવશે, જે, તેની તૃતીય તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવી પડશે.

(૨) સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે નિર્દિષ્ટ તકો અથવા નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે વ્યક્તિ, પોતાના કાબૂ બહારના કારણોસર નિર્દિષ્ટ તકોની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તો તે, કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને આવી પરીક્ષા પાસ કરવા માટે બે કરતા વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, વધારાની તકો લીધા પછી, વ્યક્તિ પરીક્ષા પાસ કરે, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતની અંદર તેવી પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર, તે, સિનિયોરીટીનો દાવો કરવાને હકદાર થશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષા સમયસર યોજવામાં આવી ન હોય અથવા નિર્દિષ્ટ મુદત પૂરી થાય તે પહેલાં તેનું પરિણામ જાહેર થઈ શક્યું ન હોય, તો સદરહુ મુદત, તેણે મેળવેલી છેલ્લી વધારાની તકની પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાની બાબત, એક તક તરીકે ગણાશે.

૭. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) ગુણનું રહેશે.

(૨) કોઈ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેનાથી વધુ ગુણ મેળવે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં, તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) ઉમેદવાર, પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં (પાસ થવા માટે) લાયકી ધોરણ મેળવવામાં અસમર્થ રહે તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને, તે પ્રશ્નપત્ર માટેના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ (ગ્રેસ માર્ક) આપવામાં આવશે અને કૃપા ગુણ મેળવ્યા પછી, તે (ઉમેદવાર) લાયકી ધોરણ જેટલા ગુણ મેળવે, તો તેને, પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

૮. પરીક્ષાનો અભ્યાસક્રમ અને યોજના.-

(૧) પરીક્ષા પાંચ પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એકસો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ ૧-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર ૫ સિવાય, પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટિ ચોઈસ ક્વેશ્ચન્સ)ની રહેશે. પ્રશ્નપત્ર ૫-ના જવાબો પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્ર-૫ સિવાયના પ્રશ્નપત્રો ૧ થી ૪ના પ્રશ્નોના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની છૂટ આપવામાં આવશે. પ્રશ્નપત્ર-૫ ના જવાબ પુસ્તકોની મદદ વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ:- ''પુસ્તકો સાથે'' એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત માન્ય કરેલ, કોઈ ટિપ્પણીઓ અથવા કેસ લૉ (પૂર્વ-કાયદા) વગર મૂળ (ફક્ત) અધિનિયમો અને/અથવા નિયમો ધરાવતા વિષયનું મૂળ પુસ્તક અને તેમાં, ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અથવા મંજૂર કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલ મેન્યુઅલ્સ (નિયમસંગ્રહ)નો સમાવેશ થાય છે.

૯. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો.-

સંસ્થાએ, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈ જામીનગીરી અનામત મેળવ્યા વિના, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઈશે. સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થાય કે તરત જ તે પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઈ જવાના અથવા તેને નુકસાન થવાના કિસ્સામાં, સંસ્થાએ, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઈશે.

૧૦. પરીક્ષા ખંડમાં અમુક સાધનનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ બાબત.-

સીધી ભરતીથી નીમાયેલી કોઈપણ વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપ-ટોપ, આઈ-પેડ, કેલ્ક્યુલેટર, સ્માર્ટ વોચ વગેરે જેવા સંદેશા-વ્યવહારના કોઈ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૧. પરિણામની પ્રસિદ્ધિ.-

મહાનિયામકે દરેક પરીક્ષાનું પરિણામ જાહેર કરવું જોઈશે અને તેની(નકલ) સરકારને રજૂ કરવી જોઈશે. સરકાર તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે.

૧૨. જામીનગીરી ખત અને જામીનખત બાબત.-

સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિએ, પરિશિષ્ટ-૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનખત અને જામીનગીરી કરી આપવાના રહેશે.

૧૩. પ્રકીર્ણ જોગવાઈઓ.-

મહાનિયામક, પ્રવર્તમાન સંજોગો અનુસાર, સંસ્થાકીય તાલીમ અને/અથવા પરીક્ષાના તાલીમ કાર્યક્રમમાં ફેરફાર કરવા અથવા સુધારો કરવા હકદાર રહેશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ ૮(૧))

ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરીમાં, સીધી ભરતીથી નીમાયેલા સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ માટેની સંસ્થાકીય તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર-૧: ભારતનું સંવિધાન અને પંચાયતી રાજ.

કુલ-૧૦૦ ગુણ, બહુવિધ પસંદગી પ્રશ્ન (MCQs), સમયગાળો ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) અનુચ્છેદ-૩૨, ૨૨૬, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧.

(૨) મૂળભૂત અધિકારો.

(૩) માર્ગદર્શક સિદ્ધાંતો.

(૪) જીપીએસસીની ભૂમિકા (અનુચ્છેદ ૩૨૦).

(૫) (સંવિધાનના)૭૩મા અને ૭૪મા સુધારા ધ્યાનમાં લઈને પંચાયત અને નગરપાલિકાની જોગવાઈઓ.

(૬) સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટ.

(૭) ચૂંટણી આયોગ (કેન્દ્રીય અને રાજ્ય).

(૮) નાણા આયોગ.

(૯) સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી.

(૧૦) પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદાઓ.

પ્રશ્નપત્ર ૨: કચેરી કાર્યપદ્ધતિ, અધિનિયમો અને નિયમસંગ્રહો (મેન્યુઅલ્સ).

કુલ-૧૦૦ ગુણ, બહુવિધ પસંદગી પ્રશ્ન (MCQs), સમયગાળો ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) કચેરી કાર્યપદ્ધતિ (સચિવાલયના વિભાગો સિવાયની કચેરીઓ માટે)નું મેન્યુઅલ.

(૨) સચિવાલય અને ક્ષેત્ર (અન્ય કચેરીઓ સાથે) સંબંધ.

(૩) ખાતાકીય પરીક્ષા નિયમો/ ભરતી નિયમો.

(૪) લોકસભા/રાજ્યસભાના પ્રશ્નો - તેમના પ્રકાર અને કાર્યરીતિ.

(૫) રજૂઆતની રાહ.

(૬) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૭) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

(૮) કામકાજના નિયમો અને તે હેઠળ આપવામાં આવેલી સૂચનાઓ.

(૯) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

(૧૦) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

પ્રશ્નપત્ર ૩: સેવા વિષયક બાબતો.

કુલ-૧૦૦ ગુણ, બહુવિધ પસંદગી પ્રશ્ન (MCQs), સમયગાળો ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત વિધાનસભા નિયમો.

(૨) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

(૩) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૪) ગુજરાત મુલકી સેવા નિયમો ૨૦૦૨ (વોલ્યૂમ ૧ થી ૮).

(૫) કામગીરી મૂલ્યાંકન અહેવાલો અને માર્ગદર્શિકા.

(૬) રોસ્ટર નિયમ સંગ્રહ (મેન્યુઅલ) (રોસ્ટર રજિસ્ટર કેવી રીતે તૈયાર કરવું, જાળવવું અને રોસ્ટર પોઈન્ટ ફાળવવા).

(૭) ગુજરાત જાહેર સેવા આયોગ (વિચારવિનિમય) વિનિયમો, ૧૯૬૦.

(૮) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

(૯) ગુજરાત સરકારની ખરીદ નીતિ.

(૧૦) નાણાકીય સત્તાની (સોંપણી) નિયમો, ૧૯૯૮.

(૧૧) ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.

પ્રશ્નપત્ર ૪: ખાતાકીય અધિનિયમ અને નિયમો.

કુલ-૧૦૦ ગુણ, બહુવિધ પસંદગી પ્રશ્ન (MCQs), સમયગાળો ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (તારીખ- ૨૮-૦૩-૨૦૨૧ના સુધારા મુજબ)

(૨) ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો, ૨૦૧૭.

(૩) ગુજરાત ખનીજ(ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૧૭.

(૪) ગ્રેનાઈટ સંરક્ષણ અને વિકાસ નિયમો, ૧૯૯૯.

(૫) માર્બલ વિકાસ અને સંરક્ષણ નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર ૫: ગુજરાતી અને અંગ્રેજી ભાષા.

કુલ-૧૦૦ ગુણ, વર્ણનાત્મક, સમયગાળો : ૩ કલાક (પુસ્તકો સિવાય)

(૧) અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં મુસદ્દા લેખન અને નોંધ લેખન.

(૨) જાહેર સંબંધો અને પ્રત્યાયન (કોમ્યુનિકેશન).

(૩) જાહેર સંસ્થા અને અન્ય સંસ્થાઓ સાથેનો પત્રવ્યવહાર.

(૪) હાઈકોર્ટ મેટર - પેરાવાઈઝ રિમાર્કસ તૈયાર કરવા, સોગંદનામું વગેરે ફાઈલ કરવા અને 'વિગતદર્શક હુકમો'નો મુસદ્દો ઘડવો.

(૫) વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત.

(૬) વિવિધ પ્રકારના સરકારી હુકમો, તેનો ઉપયોગ, મહત્વ (જી.આર., જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદી પત્ર, વગેરે.)

(૭) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.

(૮) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૨)

જામીન ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે, ...વિભાગના તારીખ ..... ના સરકારી જાહેરનામા ક્રમાંક: .....માં સમાવિષ્ટ નિયમો (જેનો આમાં હવે પછી, "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર .....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર એવો હું ....., ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતી ગુજરાત સરકાર (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચૂકવવાનું થતું હોવાથી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા મને આપવામાં આવેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસદારો, વહીવટકર્તાઓ, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ..... બંધાઈએ છીએ. મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત (નિમણૂકના) નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતોનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે. અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી

(પૂરેપૂરું નામ અને સરનામું)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યું:-

૧. સહી અને પૂરેપૂરું સરનામું.

૨. સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે ..... અને ..... રહેવાસી મોજે: ....., તાલુકો ....., જિલ્લો ....., તે ઉપરના નામવાળા .....ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત (નિમણૂકના) નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતી ગુજરાત સરકાર (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુક્ત અને પૃથક રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને અમે કબૂલ પણ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઇશું નહિં અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને પૃથક રહેશે.

સદરહુએ સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખ:	જામીનની સહી
સ્થળ:	પૂરેપૂરું સરનામું અને ધંધો
તારીખ:	જામીનની સહી
સ્થળ:	પૂરેપૂરું સરનામું અને ધંધો

નીચેનાની હાજરીમાં

સાક્ષીની સહી, પૂરેપૂરું સરનામું અને
ધંધો

સાક્ષીની સહી, પૂરેપૂરું સરનામું અને
ધંધો

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જીનલ એન. ચૌધરી,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.21 18:58:20 IST